જળ સંપત્તિ વિભાગના કામોમાં
સમય મર્યાદા વધારો મંજુર કરાય
ત્યારે લીક્વીડેટેડ ડેમેજીસ વસુલાત
અંગેની સ્પષ્ટતા બાબત

ગુજરાત સરકાર
નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
હુકમ ક્રમાંક એમ.આઇ.સેલ/૧૦૨૦૧૦/૧૭/(૨)/ક-૧
તા. ૨૧/૦૧/૨૦૧૪

## આમુખ

જ્યારે કોઇ કામ માટે સમય મર્યાદા વધારો મંજુર થાય કે તરત જ કપાત કરેલ લીક્વીડેટેડ ડેમેજીસ પરત કરી દેવા પાત્ર થાય છે, તેવું અર્થ ઘટન સ્થાનિક કક્ષાએ કરી આ રકમ પરત કરવા કાર્યવાહી થાય છે. આનાથી ઇજારદારોને સમય મર્યાદામાં કામ પૂર્ણ કરવા માટેનું કોઇ પ્રોત્સાહન કે નિયંત્રણ રહેતુ નથી. સમય મર્યાદા વધારો મંજુર કરાય ત્યારે લીક્વીડેટેડ ડેમેજીસ વસુલાત અંગેની પણ સ્પષ્ટતા પણ તે સંબધિત હુકમમાં થાય તે જરૂરી છે. જેથી ઇજારદારને કામો વિલંબથી કરવાને બદલે વહેલી તકે પુરા કરવા પ્રેરાય. આ સંજોગોમાં આ પ્રશ્નના નિરાકરણ માટે જરૂરી સુધારો કરવા અંગેની બાબત સરકારશ્રી સ્તરે વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

જે કારણો માટે વિભાગ સીધી રીતે જવાબદાર છે. તેવા કારણોથી થયેલ વિલંબ માટે સમય મર્યાદા વધારો મંજુર કરી શકાશે અને આવા કિસ્સાઓમાં ઇજારદારને લીક્વીડેટેડ ડેમેજીસમાંથી મુક્તિ આપી શકાશે. પરંતુ વિભાગ સીધી રીતે જવાબદાર નથી તેવા કારણોસર ઇજારદારશ્રીએ કરેલ વિલંબ માટે સમય મર્યાદા વધારો મંજુર કરી શકાશે નહીં અને લીક્વીડેટેડ ડેમેજીસમાંથી મુક્તિ આપી શકાશે નહીં.

વધુમાં સમય મર્યાદા વધારો મંજુર થાય કે તરત જ કપાત કરેલ લીક્વીડેટેડ ડેમેજીસ પરત કરી દેવાના બદલે જે તે કામ પૂર્ણ થયા બાદ આખરી બિલ ( Final bill) તબક્કે જ કપાત કરેલ લીક્વીડેટેડ ડેમેજીસની રકમ પરત કરી શકાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એમ.પી.રાવલ)
ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો)
ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
સચિવાલય,ગાંધીનગર

પ્રતિ,

૧. સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૨ ખાસ સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ સચિવાલય ગાંધીનગર

૩. સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૪ નાણાકીય સલાહકાર (જ.સં)

૫ સર્વે ઉપ સચિવશ્રીઓ (તાંત્રિક)

૬ સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ

૭. સર્વે પ્રોજેક્ટ શાખા ( ક-૧, ક-૨ , ક-૩, જ,એમઆઇસેલ,ક-૭)

૮. સીલેકટ ફાઇલ